# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gmail.com web :-www.suratdeo.or


જા.નં./મા-૨/૨૦૨૫/ ૭૭૪૦ તા.૨/૦૨/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ, તમામ
સુરત. જિ.સુરત

વિષય:- પ્રી-મેટ્રીક શિષ્યવૃતિ યોજના હેઠળ અનુ-જનજાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા બાબત.

સંદર્ભ:- કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, સુરતનો પત્ર ક્રમાંક નંબર. એમએસસી/વશી.૭૬૯/૨૦૨૫ તા.૧૦/૦૩/૨૦૨૫ પત્ર અન્વયે.

આ સાથે સામેલ કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, સુરતનો પત્ર ક્રમાંક નંબર.એમએસસી/વશી.૭૬૯/૨૦૨૫ તા.૧૦/૦૩/૨૦૨૫ પત્ર અન્વયે અનુ-જનજાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ બાબતે તમામ શાળાઓએ અમલ કરવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

બિડાણ :- ઉકત પરિપત્રની નકલ

કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી
વહિવટ શાખા, બી-૪, જીલ્લા સેવા સદન-૨, અઠવાલાઇન્સ, સુરત
ફોન નં.૦૨૬૧-૨૬૫૫૧૫૧, ૨૬૬૦૦૨૧, ફેક્સ-૨૬૫૫૭૫૭
Email:- collector-sur@gujarat.gov.in
56.vahivatsurat@gmail.com

સત્યમેવ જયતે

નં.એમએસસી/ /વશી. ૨૬૮ /૨૦૨૫ તા:૧૦/૦૩/૨૦૨૫

પ્રતિ,
(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
એ-બ્લોક, ત્રીજો માળ,
જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા પંચાયત કચેરી, સુરત
(૩) મદદનીશ કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસ,
સી-૬, બહુમાળી મકાન, નાનપુરા, સુરત

વિષય:- પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ અનુ.જનજાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા બાબત

સંદર્ભ:- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, ગુજરાત રાજ્યનો પત્ર નં.આવિ./શિક્ષણ/ફા.નં.1337/ ૨૦૨૪-૨૫/૨૫૦ થી ૨૮૩૨૮૩ તા. ૧૦/૦૩/૨૦૨૫

જયભારત સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભિત પત્ર અન્વયે જણાવવાનું કે, ઉપરોક્ત આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા અનુસૂચિત જનજાતિ ના ધોરણ: ૧ થી ૧૦ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે રાજ્ય સરકાર પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના અમલમાં છે. આ યોજના હેઠળ સબંધિત શાળાના આચાર્ય દ્વારા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની ડિજીટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઇન દરખાસ્ત રજૂ કરવામાં આવે છે. જે સબંધિત જિલ્લાના મદદનીશ કમિશનર, આદિજાતિ વિકાસ દ્વારા મંજૂર કરવામાં આવે છે.

ડિજીટલ ગુજરાત પોર્ટલ પર વર્ષ ૨૦૨૪-૨૫ માં અત્રેના જિલ્લામાં ગત વર્ષની સરખામણીમાં આ સાથે સામેલ પત્રક મુજબ ૧૭૮૨૦ અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની નોંધણી ઓછી થયેલ છે.

ઉક્ત વિગત ધ્યાને લેતા વર્ષ:૨૦૨૪-૨૫ માટે પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ અને ગણવેશ સહાય યોજના હેઠળ આ સાથે સામેલ પત્રક મુજબ બાકી રહેતી સંખ્યા માટે દરેક શાળા/તાલુકા કક્ષાએ કેમ્પનું આયોજન કરી જરૂરી આધારપુરાવાઓ ઉપલબ્ધ થાય તે મુજબ જરૂરિયાત આધારિત ડિજીટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઇન દરખાસ્તની કામગીરી પૂર્ણ કરવા વિનંતી છે. જો ગત વર્ષની સરખામણીમાં ચાલુ વર્ષ ખરેખર પ્રવેશ થયેલ તમામ વિદ્યાર્થીઓને લાભ આપેલ હોય તો તે મુજબનું પ્રમાણપત્ર અત્રેની કચેરીએ રજૂ કરવા વિનંતી છે.

બિડાણ: સંદર્ભિત પત્ર

જિલ્લા ... કચેરી, સુરત.
આવક ... 2171

| અ.નં. | જિલ્લાનું નામ | રાજ્ય સરકાર પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના | | | |
|---|---|---|---|---|---|
| | | વર્ષ:૨૦૨૩-૨૪ માં મંજૂર કરેલ વિદ્યાર્થીઓની સંખ્યા | વર્ષ:૨૦૨૪-૨૫ માં આચાર્યશ્રી દ્વારા મોકલી આપેલ વિદ્યાર્થીઓની સંખ્યા | તફાવત | ટકાવારી |
| 1 | Amreli | 4137 | 1087 | 3050 | 26.28 |
| 2 | Rajkot | 11536 | 3664 | 7872 | 31.76 |
| 3 | Jamnagar | 7610 | 2502 | 5108 | 32.88 |
| 4 | Morbi | 5986 | 2285 | 3701 | 38.17 |
| 5 | Kachchh | 6006 | 2983 | 3023 | 49.67 |
| 6 | Gandhinagar | 4189 | 2297 | 1892 | 54.83 |
| 7 | Anand | 4259 | 2391 | 1868 | 56.14 |
| 8 | Banaskantha | 54556 | 30755 | 23801 | 56.37 |
| 9 | Bhavnagar | 4627 | 2643 | 1984 | 57.12 |
| 10 | Devbhumi dwarka | 656 | 385 | 271 | 58.69 |
| 11 | Kheda | 5179 | 3057 | 2122 | 59.03 |
| 12 | Mahesana | 1928 | 1163 | 765 | 60.32 |
| 13 | The Dangs | 38088 | 24698 | 13390 | 64.84 |
| 14 | Panchmahals | 57519 | 37520 | 19999 | 65.23 |
| 15 | Sabarkantha | 62072 | 41979 | 20093 | 67.63 |
| 16 | Dahod | 247032 | 169316 | 77716 | 68.54 |
| 17 | Surendranagar | 6394 | 4418 | 1976 | 69.10 |
| 18 | Ahmadabad | 9278 | 6561 | 2717 | 70.72 |
| 19 | Botad | 3822 | 2735 | 1087 | 71.56 |
| 20 | Valsad | 99552 | 71747 | 27805 | 72.07 |
| 21 | Porbandar | 1975 | 1461 | 514 | 73.97 |
| 22 | Junagadh | 4181 | 3093 | 1088 | 73.98 |
| 23 | Chhotaudepur | 81804 | 62004 | 19800 | 75.80 |
| 24 | Mahisagar | 46947 | 35846 | 11101 | 76.35 |
| 25 | Patan | 1741 | 1354 | 387 | 77.77 |
| 26 | Arvalli | 29149 | 22747 | 6402 | 78.04 |
| 27 | Surat | 81522 | 63702 | 17820 | 78.14 |
| 28 | Narmada | 54464 | 42703 | 11761 | 78.41 |
| 29 | Bharuch | 55248 | 43558 | 11690 | 78.84 |
| 30 | Vadodara | 34356 | 27160 | 7196 | 79.05 |
| 31 | Tapi | 65781 | 56656 | 9125 | 86.13 |
| 32 | Navsari | 62372 | 55162 | 7210 | 88.44 |
| 33 | Gir Somnath | 1155 | 1156 | -1 | 100.09 |
| કુલ | | 1155121 | 830788 | 324333 | 71.92 |